# બ્રોંકિઓલાઈટિસ માટે સલાહ પત્રિકા

(સતત કફ, હળવા તાવ અને બાળકોમાં (ઈન્ફન્ટ) પોષણની (ફીડીંગ) મુશ્કેલીઓનું કારણ) 2 વર્ષ કરતાં નાના બાળકોના માબાપો અને કેરર્સ માટે સલાહ.

Gujarati

December 2016
Kent, Surrey & Sussex
Version

NHS
South East Clinical Networks
Children and Young People

Kent Surrey Sussex
દરદી
સલામતી
સહયોગ

બાળકનું નામ ........................................................ ઉંમર................. તારીખ / સલાહ આપેલ સમય ........................................

વધારે સલાહ / અનુવર્તી (ફોલો અપ) ......................................................................................................................

ધંધાધારીનું (પ્રફેશનલ) નામ ........................................................................... ધંધાધારીની સહી

## તમારા બાળકને કેમ છે? (ટ્રેફિક લાઈટ એડવાઈસ)

**લાલ**

જો તમારા બાળકને નીચેનું કોઈ એક હોય:

- બલ્યૂ હોઠ અને જીભ (ટન્ગ)
  જવાબ નહિ આપનાર અથવા ખૂબજ ચીઢિયુ
- ઝડપી શ્વાસોચ્છશ્વાસ અને શ્વાસ લેવામાં તકલીફ
- શ્વાસ લેતી વખતે અટકી જવું- થોભવું
- અનિયમિત શ્વાસ લેવાની પધ્ધતિ
- 12 કલાકો સુધી ભેજવાળી નેપ્પિ ન હોય

**તમને તાકીદે મદદની જરૂર**
કૃપા કરી ફોન કરો 999 અથવા સૌથી નજીકની હોસ્પિટલ ઈમર્જન્સિ (A&E) ડિપાર્ટમેન્ટમાં જાઓ

**પીળા**

જો તમારા બાળકને નીચેનું કોઈ એક હોય:

- પોષણમાં ઘટાડો (સામાન્ય પોષણ કરતાં $^2/_3$ ઓછુ પોષણ)
- સામાન્ય કરતાં ઓછો પેશાબ અથવા હંમેશ કરતાં ઓછી ભેજવાળી નેપ્પિઝ
- ઊલટી
- શરીરનું ઉષ્ણતામાન 39°C ઉપર
- શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હોય

અથવા તમારા બાળકનું આરોગ્ય બગડતુ હોય અથવા તમે ચિંતિત બનો

**તમારે સંપર્ક કરવાની જરૂર છે**
ડોકટર અથવા નર્સનો આજે કૃપા કરી તમારી GP સર્જરિ અથવા ફોન NHS 111 - ડાયલ 111

**લીલા**

જો ઉપરના લાલ અથવા પીળા (એમ્બર) બોક્સીસમાંના કોઈ પણ લક્ષણો જોવામાં ન આવે તો મોટા ભાગના બ્રોંકિઓલાઈટિસવાળા બાળકોનો પ્રબંધ ઘરે થઈ શકે.

**સેલ્ફ (સ્વયં) કેર**
પાછળના પાને આપેલ સલાહનો ઉપયોગ કરી તમે તમારા બાળકની સંભાળ ઘરે રાખી શકશો.

## થોડાંક ઉપયોગી ફોન નંબરો (તમને કદાચ અહીંયા અમુક નંબરો ઉમેરવાની ઈચ્છા થઈ શકે)

| GP સર્જરિ (અહીંયા નંબરની નોંધ કરો) | NHS 111 ડાયલ 111 (અઠવાડિયાના 7 દિવસે 24 કલાક મળી રહે) | સ્કૂલ/ નર્સ / હેલ્થવિઝિટર ટીમ (અહીંયા નંબર નોંધ કરો) |
|---|---|---|
| | | |

ઓનલાઈન એડવાઈસ માટે: NHS Choices **www.nhs.uk** (અઠવાડિયાના 7 દિવસે 24 કલાક મળે છે)

ફેમિલિ ઈન્ફર્મેશન સર્વિસ: બધાજ વિસ્તારોમાં ઓનલાઈન સર્વિસ – સેવા હોય છે કે જેની રચના સ્થાનિક કાઉન્સિલોએ કરી ફેમિલિ માટે ઉપયોગી માહિતી પૂરી પાડે છે..

જો તમને તરજૂમા અથવા ભાષાના સપોર્ટની જરૂર જણાય, તો કૃપા કરી તમે જે સ્ટાફના સભ્ય સાથે વાતચીત કરો છો તેઓને જણાવો.
ફીડબેક આપવા અથવા વધારે માહિતી માટે કે જેમાં આ દસ્તાવેજની વધારે નકલો કેવી રીતે મેળવી શકાય તે માટે (કૃપા કરી રેફ: **B1**) કવોટ કરો) અમારી પાસે સાઉથ ઈસ્ટ ક્લિનિકલ નેટવર્ક વિસ્તાર માટે એક મેઈલ બોકસ છે (Kent, Surrey and Sussex). કૃપા કરી ઈમેઈલ કરો: **email: CWSCCG.cypSECpathways@nhs.net**

# બ્રોંકિઓલાઈટિસ માટે સલાહ પત્રિકા

(સતત કફ, હળવા તાવ અને બાળકોમાં (ઈન્ફન્ટ) પોષણની (ફીડીંગ) મુશ્કેલીઓનું કારણ) 2 વર્ષ કરતાં નાના બાળકોના માબાપો અને કેરર્સ માટે સલાહ.

December 2016
Kent, Surrey & Sussex
Version

NHS
South East Clinical Networks
Children and Young People

દરદી સલામતી સહયોગ

## બ્રોંકિઓલાઈટિસ (શ્વાસનળીમાં સોજો) એ શું છે?

બ્રોંકિઓલાઈટિસ એ કોઈ એક ચેપી રોગ છે કે જેમાં તમારા બાળકના ફેફસામાં સૌથી ઝીણા હવાના માર્ગો કે નળીઓમાં સોજો આવે. આથી તમારા બાળકને શ્વાસ લેવાનું વધારે મુશ્કેલ બને. બ્રોંકિઓલાઈટિસ વિષાણુના ચેપથી થતુ હોય છે. શિયાળાના મહિનાઓમાં તે સામાન્ય હોય છે અને ઘણુ કરીને તે હળવા શરદીના જેવા લક્ષણો પેદા કરે છે. મોટા ભાગના બાળકોને પોતાની મેળે સારુ થતું હોય છે. અમુક બાળકો, ખાસ કરીને ખૂબજ નાના બાળકોને શ્વાસ લેવામાં અથવા પોષણમાં મુશ્કેલીઓ થવાથી, કદાચ તેઓને હોસ્પિટલમાં જવાનું થાય.

## લક્ષણો કે ચિહ્નો કયા છે?

- તમારા બાળકના નાકમાંથી પ્રવાહી વહે અને કોઈકવખત કફ અને તાવ હોય.
- થોડાંક દિવસો પછી કદાચ તમારા બાળકનો કફ વધારે ખરાબ થાય.
- તમારા બાળકનો શ્વાસોચ્છવાસ સામાન્ય કરતાં ઝડપી બનતા અવાજ પેદા કરી શકે.
- તેને અથવા તેણીને શ્વાસ લેવામાં વધારે પ્રયત્ન કરવાનો થાય.
- કોઈકવખત, નાના બચ્ચાઓમાં, બ્રોંકિઓલાઈટિસથી તેઓના શ્વાસ લેવામાં ટૂંકા વિરામ કે અટકટ થઈ શકે.
- જો તમે ચિંતિત બનો તો પાછળના પાને ટ્રેફિક લાઈટ સલાહ જૂઓ.
- શ્વાસ લેવાનું વધારે મુશ્કેલ બનતા, તમારૂં બાળક કદાચ તેમનું સામાન્ય પ્રમાણનું સ્તનપાન (બ્રેસ્ટ) અથવા બોટલ દ્વારા દૂધ ન લે.
- તમે કદાચ સામાન્ય કરતાં ઓછી ભેજવાળી નેપ્પિઝ જૂઓ.
- પોષણ (ફીડીંગ) લીધા બાદ તમારૂં બાળક કદાચ ઊલટી કરી અને ચીઢિયુ બની શકે.
- અમુક બાળકો બ્રોંકિઓલાઈટિસના લક્ષણો માટે વધારે વલણ ધરાવે એટલેકે જેઓ કાલપૂર્વ જન્મયા હોય અથવા હ્રદયની સમસ્યાઓ હોય.

## હું મારા બાળકને કેવી રીતે મદદરૂપ બની શકું?

- જો તમારૂં બાળક હંમેશનું પોષણ લેતુ ન હોય તો થોડુંક પણ વધારે વારંવાર પોષણ આપો.
- બ્રોંકિઓલાઈટિસવાળા બાળકો અસ્વસ્થતા અને માનસિક પીડાના લક્ષણો બતાવે. રોગના લક્ષણોમાં થોડીક રાહત આપવા તમને કાંતો પ્રવાહી પારાસિટિમોલ અથવા પ્રવાહી આઈબ્રુપ્રોફેન આપવાની ઈચ્છા થઈ શકે. જો કે આથી માંદગીની અવધિ અથવા સખતાઈમાં ફેર નહિ પડે. આથી કૃપા કરી દવાના પાત્ર ઉપરની સૂચનાઓ વાંચી અનુસરો.
- કાઉન્ટર ઉપર બધી વયના ગ્રૂપ્સ માટે (OTC) દવા ખરીદવા કદાચ મળી ન રહે. તમારા ફાર્મસિસ્ટને પૂછો.
- જો તમારૂં બાળક પહેલેથી દવાઓ અથવા ઈનહેલર લેતુ હોય તો તેનો ઉપયોગ ચાલુ રાખો. જો તમારા બાળકને તે લેવાનું મુશ્કેલ લાગે, તો તમારા ફાર્મસિસ્ટ, હેલ્થ વિઝિટર અથવા જીપીને (GP) પૂછો. **બ્રોંકિઓલાઈટિસ વિષાણુથી (વાઈરસ) થતુ હોય છે તેથી એન્ટિબાયોટિકસ મદદરૂપ થશે નહિ.**
- તમારૂં બાળક ટબેકાના ધુમાડાઓમાં ખુલ્લુ ન રહે તેની ખાતરી કરો. આવા રીતે નિષ્ક્રિય ધૂમ્રપાન ગંભીરરીતે તમારા બાળકના આરોગ્યને નુકસાન કરી શકે. તે બ્રોંકિઓલાઈટિસ જેવી શ્વાસની સમસ્યાઓને વધારે ખરાબ બનાવે.
- યાદ રાખો કે ધુમાડાઓ તમારા કપડાંઓમાં રહે છે પછી ભલે તમે બહાર ધૂમ્રપાન કરો.
- જો તમને ધુમ્રપાન છોડી દેવામાં મદદ જોઈતી હોય તો તમને તમારી સ્થાનિક GP સર્જરિમાંથી અથવા નેશનલ સ્ટોપ સ્મોકીંગ હેલ્પલાઈન ટેલિ 0800 169 0 169 ઉપર સવારના 7 થી રાતના 11 સુધી દરરોજ માહિતી મળી શકે.

## બ્રોંકિઓલાઈટિસ કેટલા સમય સુધી ચાલે?

- મોટા ભાગના બ્રોંકિઓલાઈટિસ બાળકોનું સ્વાસ્થય પછીના બે અઠવાડિયાઓમાં સુધરવાની શરૂઆત થતાં પહેલાં પ્રથમ 1-3 દિવસો દરમિયાન વધારે બગડતુ લાગે. કફને જતાં થોડાંક વધારે અઠવાડિયાઓ લાગી શક. એન્ટિબાયોટિકસની જરૂર ન રહે.
- જ્યારે બાળક પૂરતુ સ્વસ્થ જણાય તે પછી ટૂંક સમયે તે અથવા તેણી નર્સરિ અથવા ડે કેરમાં જઈ શકે (એટલેકે પોષણ સામાન્ય બને અને શ્વાસમાં કોઈ તકલીફ ન હોય.)
- જો તમારૂં બાળક સારીરીતે રિકવર થતુ હોય તો ઘણુ કરીને તમારા ડોકટરને જોવાની જરૂર નથી. પણ જો તમે તમારા બાળકના વિકાસ વિષે ચિંતિત બનો તો તમારા હેલ્થ વિઝિટર, પ્રેક્ટિસ નર્સ અથવા GP સાથે ચર્ચા કરો અથવા સંપર્ક કરો NHS 111.

આ માર્ગદર્શિકા નીચેના સંદર્ભમાં લખાયેલ છેઃ આ દસ્તાવેજના મળી રહેલ પુરાવાની સંભાળપૂર્વક વિચારણા બાદ નિર્માણ કરવામાં આવેલ છે. પણ તેમાં સમાવેશ થાય છે પણ નહિ અનન્યપણે NICE, SIGN, EBM ડેટા અને NHS પુરાવાને લાગુ પડે મૂજબ હેલ્થકેર પ્રોફેશનલોએ તેઓનો ક્લિનિકલ નિર્ણય લેતા પહેલાં તેને સંપૂર્ણ ખ્યાલમાં રાખવામાં આવ્યો હતો. આમ છતાં પણ હેલ્થકેર પ્રોફેશનલ્સને સંજોગો મૂજબ યોગ્ય નિર્ણય લેવામાં તેઓની અંગત જવાબદારીને રદ કરતા નથી.